# Std 11 Gujarati Textbook Solutions Chapter 16 મૌન એ જ વીરતા

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. કૂતરું જાણે શાથી શાંત થઈ ગયું ?**

ઉત્તર:

પોતાના માલિક પર આગંતુકોને ક્રોધે ભરાયેલા જોઈને કૂતરું શાંત થઈ ગયું.

**પ્રશ્ન 2. પડોશીને શાથી આશ્ચર્ય થયું ?**

ઉત્તર:

પોતાના માલિક પર આગંતુકોને ક્રોધે ભરાયેલા જોઈને કૂતરું શાંત થઈ ગયું, એ જોઈને પડોશીને આશ્ચર્ય થયું.

**પ્રશ્ન 3. પડોશીને પોતાની કઈ ભૂલ સમજાઈ ?**

ઉત્તર :

પોતે ચૂપ ન રહ્યા અને શ્વાનના માલિકને દુભવ્યા તે ભૂલ પડોશીને સમજાઈ.

**પ્રશ્ન 4. લેખકની દૃષ્ટિએ કોણ ગરજે છે ?**

ઉત્તર:

“મૌન એ જ વીરતા’ પાઠના લેખકની દષ્ટિએ આંતરિક ખાલીપાવાળા માણસો ગરજે છે.

**પ્રશ્ન 5. ઈશ્વરનો અવાજ આપણે કેમ સાંભળી શકતા નથી ?**

ઉત્તર:

ધાંધલ – ધમાલ અને શોરબકોરના કારણે આપણે ઈશ્વરનો અવાજ સાંભળી શકતા નથી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. લેખક "વાણી' અને 'શોર' વિશે શું કહે છે ?**

ઉત્તર:

મૌન એ જ વરતા' પાઠના લેખક કહે છે કે "મીન' સર્વોત્તમ ભાષણ છે. "શોર" એ માણસની સમજશક્તિનું દેવાળું છે.

**પ્રશ્ન 2. "સંયમજન્ય મૌનમાં વીરતા' છે એમ લેખક શા માટે કહે છે ?**

ઉત્તર:

"સંયમજન્ય મૌનમાં વીરતા છે એમ લેખક માને છે કારણ કે વાચાળતા સુલભ છે, તેને માટે ખાસ પ્રયત્ન કરવો પડતો નથી, પરંતુ મૌન માટે સાધના કરવી પડે છે.

**પ્રશ્ન 3. પાઠને આધારે "વિવેક અને વાણી' વિશે તમારા શબ્દોમાં પાંચ વાક્યો લખો.**

ઉત્તર:

રોજિંદા જીવનમાં તેમજ મનની શાંતિ માટે વિવેક અને વાણીનું ઘણું મહત્ત્વ છે. શબ્દની પોતાની શક્તિ છે. તે સંબંધો વિકસાવી શકે છે તેમજ સંબંધો બગાડી પણ શકે છે.
"આંધળાનો પુત્ર આંધળો જેવા દ્રૌપદીના શબ્દોએ મહાભારત ખેલાયું. સત્ય પણ પ્રિય બોલવું જોઈએ અને વર્તનમાં વિવેક રાખવો જોઈએ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in